**વડીલોને વંદન**

**અભિનંદન**

આજે જન્મદિવસ



ઉપેન્દ્રરાય ધનશંકર દવે
(૧૯૩૮) ફોન. ૨૩૨૨૫૬૨૯

# સમરસ ગ્રામ પંચાયતોના સરપંચોને આજે મુખ્યમંત્રી પુરસ્કાર પ્રદાન કરશે

## મહાત્મા મંદિર ખાતે અભિવાદન સમારોહ : પાંચ હજાર પ્રતિનિધિઓ હાજરી આપશે

ગાંધીનગર, તા.૧

સમરસ ગ્રામ યોજના અન્વયે રાજયમાં સમરસ જાહેર થયેલી ગ્રામ પંચાયતોના સરપંચો તેમજ સદસ્યોને આજે મુખ્યમંત્રીના હસ્તે સમરસ પુરસ્કાર પ્રદાન કરવામાં આશે. મહાત્મા મંદિર ખાતે સવારે ૧૦ કલાકે યોજાનારા આ અભિવાદન સમારોહમાં ગ્રામ્ય વિસ્તારમાંથી ૬ હજાર જેટલા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. સઘળા આયોજનને અનુલક્ષી તંત્ર પણ તડામાર તૈયારીમાં વ્યસ્ત છે.

રાજયમાં અત્યાર સુધી કુલ ૧૦,૫૮૫ જેટલી સમરસ ગ્રામ પંચાયતો જાહેર થઈ છે જયારે આ પૈકી ૩૫૭ મહીલા સમરસ ગ્રામ પંચાયતોનો સમાવેશ થાય છે. ગામડાઓમાં સદભાવના અને સમભાવનાને ઉજાગર કરતી આ યોજના અન્વયે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ નિગમ વિભાગ દ્વારા પ્રોત્સાહક ગ્રાંટની પણ ફાળવણી કરવામાં આવી છે. સમરસ ગ્રામ યોજના ૨૦૧૨-૧૩ અંતર્ગત રાજયમાં સમરસ જાહેર થયેલી ગ્રામ પંચાયતોના સરપંચો તેમજ સદસ્યોને પ્રોત્સાહિત કરવા તા. ૨ મે ના રોજ મહાત્મા મંદિર ખાતે સવારે ૧૦ કલાકે પુરસ્કાર પ્રદાન તેમજ અભિવાદન સમારોહ યોજવામાં આવનાર છે. આ તબક્કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે સરપંચોને પુરસ્કાર પ્રદાન કરવામાં આવશે. આ પ્રસંગે ગ્રામ વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ રજનીકાંત એમ. પટેલ પણ ઉપસ્થિત રહેશે. જયારે અભિવાદન સમારોહને અનુલક્ષી સ્થળ પર પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સઘળા આયોજનને અનુલક્ષી તંત્ર કક્ષાએ પણ તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.



ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે ઈન્દુલાલજીની પ્રતિમા અને શહીદ સ્મારક પર ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# ગુજરાતીપણાનું ગૌરવ જાળવીએ : વાંચનના વિચારબીજનું અંકુર વિચારક્રાંતિ સર્જશે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૧

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આજે ગુજરાત ગૌરવ દિવસે શાનદાર ઉદ્દઘાટન કરતાં જણાવ્યું કે ગુજરાતીઓ લક્ષ્મીપૂજન સાથે સરસ્વતીપૂજનનો સંસ્કાર સ્વભાવ કેળવે એવું વાતાવરણ સર્જવું છે. વાંચે ગુજરાત અને પુસ્તક મેળાના વ્યાપક ફલક ઉપર ગુજરાતની સંસ્કાર ઓળખ વિશ્વ સમક્ષ મૂકવાની પ્રેરણા તેમણે આપી હતી.

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન અને નેશનલ બુક ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે સાબરમતી રિવરફ્રંટ ઉપર ઉભા કરાયેલા ગરિમાપૂર્ણ ડોમમાં અમદાવાદ નેશનલ બુક ફેરનું આયોજન ૧લી મે થી ૭ મી મે-૨૦૧૨ સુધીના એક સપ્તાહ દરમિયાન કરવામાં આવ્યું છે. સાહિત્ય-સંસ્કાર અને સાંસ્કૃતિક કલાના ત્રિવેણી સંગમ સમા આ રાષ્ટ્રીય પુસ્તક મેળામાં દેશ-વિદેશ અને ગુજરાતની બસો જેટલી પ્રકાશન સંસ્થાઓના પુસ્તકોનો જ્ઞાન ભંડાર પ્રસ્તુત થયો છે.

ગુજરાતની સ્થાપનાના ૫૧ વર્ષ પુરા થયા પરંતુ હજુ દુનિયાને ગુજરાત અને ગુજરાતીની સાચી ઓળખ નથી થઈ તેનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાતીની સાચી ઓળખ-સંસ્કારની પહેચાન છેલ્લા દશ વર્ષમાં આપણે ઉભી કરી છે.

ગુજરાતી હોવાનું ગૌરવ થાય એવું ગુજરાત આજે દેશ અને દુનિયામાં પ્રસ્થાપિત થયું છે જેમને ગુજરાત ગમે તેને અને ન ગમે તેને પણ ગુજરાતની નોંધ લીધા વગર ચાલતું નથી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આ આગવી ઓળખની અનેક વિશેષતામાં "પુસ્તક મેળો" છે. વાંચે ગુજરાતના અભિયાને છ કરોડ ગુજરાતીઓમાં પુસ્તક મેળાઓ અને પુસ્તક વાંચન ભૂખ ઉજાગર કરી છે.

આપણા સમાજના ગુજરાતના સરસ્વતી સાધકો અને સાહિત્ય સર્જકોનું ગૌરવ થાય. સમાજ સાથે એમનું તાદાત્મ્ય અનુસંધાન થાય તે માટે આ પુસ્તક મેળો અવસર બની રહેશે એમ તેમણે જણાવ્યું હતું.

સમગ્ર પુસ્તકમેળાના સ્ટોલ્સનું ૩૦ મીનીટ સુધી નિરીક્ષણ કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે દરેક નવા મકાનની ડિઝાઈનમાં ગ્રંથ મંદિરની રચનાનું પ્રયોજન હોવું જોઈએ. જેના ઘરમાં પુસ્તકો હોય અને વંચાતા હોય એ કુટુંબમાં સંસ્કાર સરિતા વહેતી જ હોય. આ વાતાવરણ ઉભૂં કરવું છે.

# દાહોદ જિલ્લાના ગુજરાત ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં વિરાટ વિકાસ ઉત્સવ




દાહોદ, તા.૧

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના બાવનમા ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં દાહોદ જિલ્લાની જનતા જનાર્દનના આનંદ-ઉલ્લાસમાં સહભાગી થવા આજે બપોરે દાહોદ આવી પહોંચતા સમગ્ર દાહોદ શહેરમાં વિકાસના જનઉત્સવમાં નગરજનોનો ઉત્સાહ હેલે ચડ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ દાહોદના વિકાસના પાયામાં જળશક્તિના મહત્વને ધ્યાનમાં લઈ, કડાણા જળાશય આધારિત ૮૨ કિલોમીટરની બલ્ક પાણી પુરવઠા યોજનાના રૂા.૧૨૭ કરોડના પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો અને સરકારી ઈજનેરી કૉલેજની હૉસ્ટેલના ભવનનું લોકાર્પણ કર્યું હતું.

આજે દિવસ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના હસ્તે જ પાંચ લોકાર્પણ અને ત્રણ ખાતમુહૂર્તના મળીને તેમજ રૂા.૪૫૬ કરોડની કડાણા ડેમ આધારિત ઉત્તર દાહોદ જિલ્લાના ૨૧૦ ગામો માટેની પીવાના પાઈપ લાઈનથી પાણી પુરવઠાની યોજના અને રૂા.૪૫ કરોડની દાહોદ નગરની ભૂગર્ભ ગટર યોજનાના નવા રૂા.૫૦૧ કરોડના બે કામોની પણ આ સમારંભમાં જાહેરાતો કરતા ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીનો જનઆનંદ પરાકાષ્ટાએ પહોંચ્યો હતો. આ એક જ કાર્યક્રમમાં દાહોદ શહેર અને જિલ્લા માટે મુખ્યમંત્રીશ્રીએ ૬૮૪ કરોડ રૂપિયાના વિકાસકામો જનતાને સમર્પિત કર્યા હતા.

આમ, ગુજરાત સ્થાપના દિવસની વિકાસના મહાઉત્સવ તરીકે ઉજવણીના યજમાન બનેલા આ વનવાસી ક્ષેત્ર દાહોદ જિલ્લામાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત મળીને ૫૦૧ વિકાસકામો કુલ રૂા.૯૦૩ કરોડના ખર્ચે વનવાસી પરિવારોને પ્રગતિમાં ભાગીદાર બનવા સમર્પિત થયા છે. આમાં ૩૨૭ કામોનું ૧૬૩ કરોડના ખર્ચે પૂરા કરી લોકાર્પણ કર્યું છે અને ૧૭૧ કામોનું ખાતમુહૂર્ત કરાયુ છે.

આ ઉપરાંત દક્ષિણ દાહોદ જિલ્લાના ગામો માટે નર્મદા રિવર બેઝીન હાંફેશ્વરથી પાણીની પાઈપ લાઈન નાંખીને ૧૧૯ કિલોમીટરની લાંબી પાણી પુરવઠા યોજનાના ટેકનીકલ તજજ્ઞ અભ્યાસની પણ જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, મહા ગુજરાતની ચળવળમાં અલગ ગુજરાતની સ્થાપના માટે સામી છાતીએ ભદ્રના કોંગ્રેસના કાર્યાલયમાંથી છૂટેલી ગોળીઓ ઝીલીને પણ ગુજરાત માટે જીવન ખપાવી દીધેલું. આ શહિદોના રક્તને અમે એળે જવા નથી દીધું, પણ કોંગ્રેસને હજુ આનો ગુસ્સો જતો નથી. ગુજરાત જેનું ગૌરવ કરે તે ૧લી મે ગુજરાતની સ્થાપના સમગ્ર ગુજરાતીઓમાં પ્રગટે તે માટે ગુજરાત ગૌરવ દિવસ તરીકે ૧લી મે ને ભૂલવાડી દેવામાં આવ્યો, પરંતુ આ સરકારે ૨૦૦૧થી સમગ્ર ગુજરાતીઓ ગૌરવ લઈ શકે એ રીતે ૧લી મેના ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરી છે.

કોંગ્રેસને મહાગુજરાતની ચળવળના દૂધમલિયા શહિદોની યાદમાં મે તા.૧ના ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીની ક્યારેય ઈચ્છા થઈ નહોતી એમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કોંગ્રેસના અગાઉના એકધારા ૪૦ વર્ષની તુલનામાં આ સરકારે ૧૦ વર્ષમાં જેટલા વિકાસકામો કર્યા છે તેનું બજેટ જ અગાઉના ચાલીસ વર્ષ કરતા વધી જાય છે પરંતુ જેમને વિરોધ કરવો છે તેમને વિકાસ સાંખી શકાવાનો નથી અને અમારો રસ્તો છે, વિકાસ કરવો છે.

અગાઉ કોંગ્રેસની સરકારોમાં આદિવાસી ક્ષેત્રમા વિજ્ઞાન પ્રવાહની માધ્યમિક શાળાઓ નહોતી પણ આ સરકારે દરેક તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ અને દરેક તાલુકામાં એક સરકારી આઈ.ટી.આઈ. સંસ્થા શરૂ કરી દીધી છે.

# આજે રાજ્ય મંત્રીમંડળની મળનારી બેઠકમાં કૉલેજ કૅમ્પસ કાર્યક્રમ અંગે ચર્ચાની શક્યતા

ગાંધીનગર, તા. ૧

રાજ્યમંત્રીમંડળની આવતીકાલે મળનારી બેઠકમાં રાજ્યમાં કોલેજ કેમ્પસનો હાથ ધરવામાં આવનાર કાર્યક્રમને આખરીરૂપ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ યુવાનોને રોજગારી મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ રોજગારી પત્ર એનાયત કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. હવે યુવાનો કોલેજોમાં અભ્યાસ પૂર્ણ કરે કે તુરત જ કોલેજ કેમ્પસમાંથી જ તેમને રોજગારી મળી જાય તેવા આશયથી રાજ્ય સરકાર દ્વારા કોલેજ કેમ્પસ કાર્યક્રમ હાથ ધરવાની સક્રિય વિચારણા હાથ ધરી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ માટે શિક્ષણ વિભાગ દ્વારા કાર્યક્રમ તૌયાર કરવામાં આવી રહ્યો છે. આવતીકાલે મળનારી રાજ્યમંત્રીમંડળની બેઠકમાં આ કાર્યક્રમ અંગે ચર્ચા-વિચારણા કરીને કાર્યક્રમને આખરી ઓપ આપી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# પ્રદેશ ભાજપ આગેવાનોની આજે બેઠક આગામી ચૂંટણી અંગેની વ્યૂહરચના ઘડાશે

ગાંધીનગર, તા. ૧


ગાંધીનગર ખાતે આવતીકાલે પ્રદેશ ભાજપ આગેવાનોની એક મહત્વની બેઠક મળનારી છે. જેમાં આગામી વિધાનસભા ચૂંટણી અંગે ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આવતીકાલે સાંજે મંત્રી વિસ્તારમાં આવેલા કોમ્યુનીટી હોલમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી.ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આગેવાનોની એક બેઠક મળનારી છે. આ બેઠકમાં ધારાસભ્યો, મંત્રીઓ, લોકસભા રાજ્યસભાના સાંસદો, જિલ્લા તાલુકા ભાજપના આગેવાનો, પ્રદેશ ભાજપના વિવિધ મોરચાના પ્રમુખો, બોર્ડ-નિગમના અધ્યક્ષો પણ આ બેઠકમાં ઉપસ્થિત રહેનાર છે.

વિધાનસભાની ચૂંટણી આડે હવે માત્ર ૬ માસ જેટલો જ સમય બાકી રહ્યો છે તેમજ આગામી ચૂંટણી નવા સિમાંકન પ્રમાણે યોજાનારી હોઈ નવા સીમાંકન પ્રમાણેની વર્તમાન રાજકીય પરિસ્થિતિ અને રાજકીય સમીકરણો, જ્ઞાતિ સમીકરણો અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરીનો આગામી ચૂંટણી માટેના ઉમેદવારોની પસંદગી માટેના માપદંડો નક્કી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત આ બેઠકમાં ચૂંટણીલક્ષી કાર્યક્રમો અંગે પણ વિસ્તૃત ચર્ચા-વિચારણા કરીને કેવા કાર્યક્રમો હાથ ધરવા માટે પણ પરામર્શ કરીને કાર્યક્રમો ઘડી કાઢીને જાહેર કરવામાં આવશે.

## શબ્દાવલી - ૪૭૧૭



| આડી ચાવી | | | ઊભી ચાવી | | |
|---|---|---|---|---|---|
| ૧. | મોટી સળી | (૪) | ૧. | સરકારી વિશ્રામગૃહ | (૩) |
| ૩. | હદ, મર્યાદા | (૩) | ૨. | ઠોકર | (૨) |
| ૬. | પ્રવાહી, લીકવીડ | (૨) | ૩. | બેઠક, બેસવાની જગ્યા | (૨) |
| ૭. | બોલાચાલી, નાનો ઝઘડો | (૩) | ૪. | મહિનો, માહ | (૨) |
| ૮. | વગડો, નિર્જન | (૩) | ૫. | બાલટી | (૨) |
| ૧૧. | ટળવળાવવું, ઝૂરાવવું | (૫) | ૮. | સમય, ટાઈમ | (૨) |
| ૧૩. | સફેદો કે બેલતેલની લુગડી | (૨) | ૯. | લંકેશ, લંકાપતિ | (૩) |
| | | | ૧૦. | તાજુ, એકદમ નકોર | (૨) |
| ૧૫. | પત્યુ જેવો ઉદગાર | (૨) | ૧૨. | ટશિયો, સેર | (૩) |
| ૧૬. | થપાટ, લાફો | (૩) | ૧૩. | પરવાહ વગરનું | (૫) |
| ૧૭. | હૃદય, છાતી | (૨) | ૧૪. | ચપોચપ, માપોમાપ | (૨) |
| ૧૮. | ખેતરમાં વધુ પાક થાય તે માટે .... પણ નાંખવું પડે | (૩) | ૧૬. | જાતિ, ફળ | (૨) |
| | | | ૧૮. | એક કહેવત, .... ખોદે તે પડે | (૨) |
| ૧૯. | કુંભારની ભઠ્ઠી | (૩) | ૧૯. | પોતાના માટે, હું ખુદ | (૨) |
| ૨૧. | પવન, વાયુ | (૨) | ૨૦. | સોળે શાન વીસે.... | (૨) |
| ૨૩. | સાથી, પ્રિતમ | (૩) | ૨૨. | સુધી નું હિન્દી | (૨) |
| ૨૪. | વગર કારણે | (૩) | | | |

### શબ્દાવલી ૪૭૧૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) છાનગપતીયા (૫) રામકથા (૭) ખાનદાન (૧૦) નુક્કડ (૧૧) જાનદાર (૧૩) રમખાણ (૧૪) રબ (૧૭) લોંઠ (૧૯) સમજૂતિ (૨૨) જીગરજાન (૨૩) ખાલી

**ઊભી ચાવી :-** (૧) છાપખાનુ (૨) તીરા (૩) યામ (૪) વ્યથા (૬) કલદાર (૮) નક્કર (૯) દાડમડી (૧૧) જાણ (૧૨) રબર (૧૫) કલોજી (૧૬) તાજુ (૧૮) ઠગ (૧૯) સજા (૨૦) મન (૨૧) તિખા

## સમાચાર ઝલક

- ગુજરાતની સ્થાપના દિનની જેમ રાજકોટનો ૪૦૦મો જન્મદિવસ છે. રન ફોર રાજકોટમાં કાર્યક્રમ યોજાયો.
- નડિયાદમાં સંતરામ મંદિરમાં પૂ. રામદાસજી મહારાજના કંઠે પદગાનનો ભાવિકોએ લાભ લીધો.
- ઘરમાં બેસીને રમાતી ઇ-યુગની રમતો બાળમાનસને ગંભીર અસરની ભીતિ.
- ઇન્ટરનેટ મારફતે ટ્રેન ટીકીટના નાણાં એડવાન્સમાં જમા કરાવાશે.
- ૨૯મી મેથી ૪ જૂન સુધીમાં સૌરાષ્ટ્રમાં વ્યાપક વર્ષાની સંભાવના, જયારે આજકાલમાં ૪૨ ડિગ્રી ગરમી વટાવશે.
- કોઇમ્બતુરમાં ગાયે વાઘના મારી નાખ્યાનો કિસ્સો.
- યમ રેસ્ટોરાં ઇન્ડિયા - ગુડગાંવ એ સૌથી લઘુત્તમ ભાવ પિઝાનો રૂા. ૨૯/- જાહેર કરેલ છે.
- ગુજરાત સ્થાપના દિન નિમિત્તે સાંઇરામ દવે ઇ.ટી.વી.પર પાંચ દિવસ ગુજરાતની ગાથા વર્ણવશે.
- ગીરના સિંહો ઉત્તરપ્રદેશમાં વસાવવા મુખ્યમંત્રી શ્રી અખિલેશ યાદવના ધમપછાડા.
- નવા વિધાનસભાના સીમાંકનથી ધારાસભ્યો માટે પરસેવે રેબઝેબ.
- પોસ્ટ વિભાગ એક હજાર એ.ટી.એમ. સ્થાપશે.
- મે માસમાં રાહુલ ગાંધીની ગુજરાતમાં ઝંઝાવાતી મુલાકાતની સંભાવના.
- અમરનાથ યાત્રાળુ પોસ્ટ ઓફિસ દ્વારા રજિસ્ટ્રેશન કરાશે.
- ફિક્સ વેતનનો મામલો સુપ્રીમના દ્વારે, કર્મચારીઓ વિસામણમાં.

# દાહોદમાં કોંગ્રેસના આગેવાનો તેમજ વિકલાંગોની અટકાયત

અમદાવાદ, તા.૦૧

ગુજરાત રાજ્યના ૫૨-માં સ્થાપના દિનને ગુજરાતની ભાજપ સરકાર દ્વારા ગૌરવ દન અને 'દિશા ચિંધે દાહોદ'ના નામે દાહોદમાં ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આજે સવારે ગુજરાતના વિકલાંગ અને અંધ ભાઈ-બહેનો પોતાની માંગણીઓ સાથે ધરણાં અને દેખાવો કરવા માટે દાહોદ સ્ટેશને ઉતરતાંજ રાજ્યની ભાજપ સરકારને લગભગ ૨૫૦ જેટલા વિકલાંગોની ધરપકડ કરીને માનવતાહિન અને શરમજનક કૃત્ય કર્યું છે. જેને સખત શબ્દોમાં વખોડી કાઢતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ગીરીશ પરમારે જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી છ કરોડ ગુજરાતીઓ માટે ગૌરવની વાત કરે અને વિકલાંગો સાથે આવો દુર્વ્યવહાર કરે જે ગુજરાતના તમામ અપંગ અને અને અંધ વ્યક્તિઓના અપમાન સમાન છે.

પરમારે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના આ વિકલાંગ યુનિયનન નેતા લાભુભાઈ સોનાણી અને તેમની સાથે જ વિકલાંગો હતા તેમના અલગ-અલગ વાહનોમાં લઈ જઈને દાહોદ જીલ્લાના અલગ-અલગ તાલુકાઓની પોલીસ કસ્ટડીમાં પુરી દીધાં છે તેમની સાથે અમાનવીય વ્યવહાર થઈ રહ્યો છે. પરમારે જણાવ્યું હતું કે, દાહોદમાં મુખ્યમંત્રી અને ભાજપ સરકાર દ્વારા થઈ રહેલા આ કાર્યક્રમની શરૂઆત થતાં પહેલાં જ દાહોદના સાંસદ ડૉ. પ્રભાબેન તાવીયાડ તેમજ ધારાસભ્યો વજુભાઈ પણદા, બચુભાઈ કિશોરી, ચંદ્રીકાબેન બારીયા, દીતાભાઈ મછરા તેમજ દાહોદ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ કિરીટભાઈ પટેલની આજે સવારેતમની ઓફિસમાંથી જ ધરપકડ કરીને અલગ-અલગ જગ્યાએ લઈ જવામાં આવ્યા છે.

### ગાંધીનગર મનપાને

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ યોજના અંતર્ગત શહેરી વિસ્તારની ખાનગી સોસાયટીઓના આંતરિક રસ્તાઓ, વીજળીકરણ તેમજ પાણીની પાઈપલાઈનોના કામો સૂચવી શકાશે તેમ શહેરી વિકાસ વિભાગે આ અંગે કરેલા હુકમમાં જણાવ્યું છે.

ગાંધીનગર કોર્પોરેશન પાસે આવકના સીમીત સાધનો હોવાથી સરકારે આપેલી આ વધારાની ગ્રાન્ટને કારણે તંત્રની આર્થિક સ્થિતિને વધુ સધ્ધરતા પ્રાપ્ત થશે તેમ મનાઈ રહ્યું છે.

રાજયમાં ઝડપથી થઈ રહેલા શહેરીકરણની સમસ્યાને લઈ લોકોને આંતરમાળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બને તે માટે સરકારે જનભાગીદારીનો આ અભિગમ અપનાવ્યો છે.

રાજય સરકારના શહેરી વિકાસ વિભાગે આ કામો માટે થર્ડ પાર્ટી ઈન્સ્પેકશનની જોગવાઈ પણ લાગુ કરી છે. આ અંગે સરકારે વહીવટીય અને તાંત્રિક મંજૂરીમાં કોઈ વિલંબ થાય નહિ તે માટે આ અંગેની સત્તાઓ પણ મ્યુનિ. કમિશનરશ્રીને આપી દીધી છે.

### ફાળવણીને વધાવતા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શ્રી રાકેશ પટેલ, શ્રી ગોવિંદભાઈ પરમારે આવકાર આપ્યો છે.

આ કાઉન્સીલરોએ સરકારના નિર્ણયને આવકારતાં જણાવ્યું છે કે જર્નુમમાં ગાંધીનગરના સમાવેશની વાતો કરી પ્રજાને છેતરનારા શાસકોને વિકાસમાં રાજય સરકાર કોઈને અન્યાય કરતી નથી તેનું સ્પષ્ટ ઉદાહરણ પુરૂં પાડયું છે. તેમણે જણાવ્યું કે પ્રોપર્ટી ટેક્ષની મંજૂરી, વ્યવસાયવેરાની મંજૂરી તેમજ સોલિડ વેસ્ટ મેનેજમન્ટ માટે રૂ. ૧૦ કરોડની ફાળવણી આ રાજય સરકારે કરી અને ગ્રાન્ટ નહિ ફાળવતી હોવાની શાસકોની વાતનો છેદ ઉડાડયો છે.

આ કાઉન્સીલરોએ જણાવ્યું છે કે સાધનો આવકના સીમીત હોવાની વાતો હજુ કરવાનું છોડી દઈ સ્વચ્છ અને સ્વસ્થ નગરની રચના માટે શાસક પક્ષે તેનું ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ તેવી અમારી માંગ છે.

શહેરમાં સફાઈની વ્યવસ્થાનું સઘન મોનીટરીંગ કરે અને વિકાસના કામોમાં રોડાં નાખવાનું શાસકપક્ષ બંધ કરી સાચા અર્થમાં પ્રજાની સેવા કરે એ જરુરી છે. કોર્પોરેશનના કોમ્પ્ટુરાઈઝેશન માટે પણ સરકારે માતબર સહાય આપી જ છે અને જનસેવા કેન્દ્રની સેવાઓને અસરકારક બનાવવાની માંગ આ કાઉન્સીલરોએ કરી છે.

### રાજકીય દંભ છે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કે ડિઝાઈનવર્ક કોણ કરશે. તેમણે જણાવ્યું છે કે સરકારને આ નગરના વિકાસમાં કે કોર્પોરેશનના કામોમાં રસ નથી અને માત્ર મોટી મોટી જાહેરાતો કરી પ્રજાને ગુમરાહ કરી રહી છે.

આ યોજનામાં ખાનગી સોસાયટીના રસ્તા, વીજળી કે પાણીની પાઈપલાઈનના કામો સૂચવી શકાશે પણ આ અંગેની એક પણ સત્તા કોર્પોરેશન પાસે છે નહિ તે વાત સરકાર છુપાવી રહી હોવાનો આક્ષેપ પણ આ નેતાઓએ કર્યો છે.